વર્ષ ૨૦૨૫-૨૬ આયોજન
ડિઝીટલ ગુજરાત પોર્ટલ
અગત્યનું/સમયમર્યાદા

જા.નં.મ.ક/આવિ/શિક્ષણ/3433 /૨૦૨૫-૨૬
મદદનીશ કમિશનર (આ.વિ)ની કચેરી
બહુમાળીભવન, સી-બ્લોક, છઠ્ઠો માળ,
બહુમાળી ભવન, નાનપુરા, સુરત
ફોન નં ૦૨૬૧-૨૪૭૬૧૮૧
ઇ-મેઈલ: vosurat@gmal.com
તા.૧૮/૦૭/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,/ડીનશ્રી/ડાયરેક્ટરશ્રી/રજીસ્ટારશ્રી
ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (તમામ)
કોલેજ/આઈ.ટી.આઈ સંસ્થાઓ (તમામ)
જિ. સુરત

વિષય:- વર્ષ:૨૦૨૫-૨૬ની અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ / ફુડબીલ સહાય / સાધન-સહાય / ITI સ્ટાઇપેન્ડ / એમ.ફીલ-પી.એચ.ડી. ફેલોશીપ યોજનાઓનો અમલ Digital Gujarat Portal મારફત કરવા બાબત (https://www.digitalgujarat.gov.in)

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ચાલુ શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬ના દરમ્યાન ઉચ્ચતર માધ્યમિક શાળાઓ / કોલેજો / યુનિવર્સિટીઓ / આઇ.ટી.આઇ. તેમજ અન્ય સંસ્થાઓમાં અભ્યાસ કરતાં અનુ.જનજાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની શૈક્ષણિક સહાય મંજૂર કરી ચુકવણું DBTથી કરવાનુ થાય છે.

શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬ દરમ્યાન ઉચ્ચતર માધ્યમિક શાળાઓ / કોલેજો / યુનિવર્સિટીઓ / આઇ.ટી.આઇ. / સંસ્થાઓમાં અભ્યાસ કરતાં અનુ.જનજાતિનાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓની ઓનલાઇન અરજીઓ Digital Gujarat Portal પર ઓનલાઇન કરવાની રહેશે. જે બાબતે કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગુ.રા.ગાંધીનગરના દ્વારા દૈનિક પત્રોમાં જાહેરાત આપી વિદ્યાર્થીઓએ તથા સંસ્થાએ કરવાની થતી કાર્યવાહીની જાણ કરવામાં આવેલ છે. જાહેરાતમાં આપેલ તેમજ વખતો વખતની તમામ સૂચનાઓનુ ચુસ્ત પણે પાલન કરી તમામ વિદ્યાર્થીઓને ઓનલાઇન અરજી કરાવવા વિનંતી છે. (જાહેરાતની નકલ સામેલ છે.)

ડિજીટલ ગુજરાત પોર્ટલ પર કરવાની થતી કામગીરી તેમજ સુચનાઓ નીચે મુજબ છે:

A. વિદ્યાર્થીઓએ કરવાની/સમજવાની કાર્યવાહી:-

(૧) પ્રથમ વિદ્યાર્થીઓએ ડિજિટલ ગુજરાત પોર્ટલ ઓપન કરી "Login" ઓપ્શન પર ક્લીક કરી "Citizen Login/Registration" ઓપ્શનમાં જઇ "New Registration(Citizen)" પર ક્લીક કરી નવું રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. નવુ રજીસ્ટ્રેશન Email ID, મોબાઇલ નંબર તેમજ પોતે નક્કી કરેલ પાસવર્ડ દ્વારા કરવાનું રહેશે. જે કાયમી આ પોર્ટલ માટે સાચવી રાખવાના રહેશે. રજીસ્ટ્રેશન વખતે E-mail ID અને મોબાઇલ

નંબર ફરજીયાત છે. (સદરહું મોબાઇલ નંબર જ્યા સુધી સંપૂર્ણ અભ્યાસક્રમની શિષ્યવૃત્તિ/ સહાય મળી ન જાય ત્યા સુધી ચાલુ રાખવા વિનંતી છે) રજીસ્ટ્રેશન થયા બાદ વિદ્યાર્થીએ પોતાના મોબાઇલ નંબર કે Email Idને પોતાના યુઝરનેમ તરીકે તથા જે પાસવર્ડ બનાવેલ હોય તેનો ઉપયોગ કરી પુનઃ Login કરી પોતાની પ્રોફાઇલ (My Profile) Update કરવાની રહેશે.

(My Profile Update થયેલ હશે તો જ વિદ્યાર્થી ઓનલાઇન અરજી કરી શકશે જેની તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવાની રહેશે.)

જે વિદ્યાર્થીએ અગાઉ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર પ્રોફાઇલ રજીસ્ટ્રેશન કરાવેલ હોય (જેમ કે અગાઉના વર્ષોમાં સદરહું પોર્ટલ મારફત શિષ્યવૃત્તિ યોજના માટે ઓનલાઇન એપ્લાય કરેલ હોય કે પોર્ટલની અન્ય શિષ્યવૃત્તિ યોજનાઓમાં લાભ લેવા અરજી કરેલ હોય) તેઓએ ફરીથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે નહી. તેઓ અગાઉના Login ID-Password વડે લોગીન કરી જે તે લાગુ પડતી યોજનામાં સીધી અરજી કરી શકશે.

(૨) જે વિદ્યાર્થીઓ ગત વર્ષનો પોતાનો Password ભુલી ગયેલ હોય તે વિદ્યાર્થીઓએ "Forget Password" પર ક્લીક કરી પોતાના રજીસ્ટર્ડ મોબાઇલ પર OTP મેળવી નવો પાસવર્ડ બનાવી લેવાનો રહેશે. નવો પાસવર્ડ મળ્યા બાદ પોતાનો મોબાઇલ નંબર અથવા ઇ-મેઇલ આઇડી પણ તમારું યુઝર User-ID રહેશે અને પાસવર્ડ જે નવો બનાવેલ છે તે રહેશે. "Forget Password" મેનુ ડિજિટલ ગુજરાત પોર્ટલપર લોગીન પેજ પર ઉપલબ્ધ છે.

જે વિદ્યાર્થીઓનો રજીસ્ટર્ડ મોબાઇલ નંબર ખોવાઇ ગયેલ હોય કે કોઇ કારણસર બંધ થઇ ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીઓ જિલ્લાની કચેરીનો સંપર્ક કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી પોતાની પ્રોફાઇલમાં મોબાઇલ નંબર બદલાવી શકે છે.

(3) ડિજિટલ ગુજરાત પોર્ટલમાં લોગીન થયા બાદ તમામ વિદ્યાર્થીઓએ "Services" મેનુમા જઇ "Scholarship Services" Option પર ક્લીક કરીને જ ઓનલાઇન એપ્લાય કરવાની કામગીરી કરવાની રહેશે. અન્ય કોઇ જગ્યાએથી વિદ્યાર્થી શિષ્યવૃત્તિ યોજનામાં એપ્લાય કરી શકશે નહિ જેની તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવાની રહેશે.

(૪) "Scholarship Services" Option પર ક્લિક કર્યા બાદ Select Financial Year ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ:૨૦૨૨-૨૩ થી વર્ષ:૨૦૨૫-૨૬ સીલેક્ટ કર્યેથી જો અગાઉના વર્ષોમાં કોઇ શિષ્યવૃત્તિની અરજી ઓનલાઇન કરેલ હશે તો તે અરજી જોઇ શકાશે. ચાલુ વર્ષ:૨૦૨૫-૨૬ માટે ઓનલાઇન અરજી કરવા માટે "Request a New Services" બટન પર ક્લીક કરી Select Financial Year ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ:૨૦૨૫-૨૬ જ સીલેક્ટ કરવાનુ રહેશે.

જે વિદ્યાર્થીઓએ ગત વર્ષ: ૨૦૨૫-૨૬માં ઓનલાઇન અરજી કરેલ હતી અને નિયમોનુસાર શિષ્યવૃત્તિ મેળવેલ હતી તેવા વિદ્યાર્થીઓની ચાલુ વર્ષની રીન્યુઅલ અરજી ઓટોમેટીક "Renewal" મોડમાં મુકવામાં આવેલ છે એટલે કે તેવા વિદ્યાર્થીઓએ ફ્રેશ એપ્લાય કરવાનુ નથી. "Renewal" બટન પર ક્લિક કરી પોતાની તમામ વિગતો જેવી કે Registration Detail, Bank Detail, Academic Detail, Disability Detail

વિગેરે ચેક કરી જરૂરી બિડાણો અપલોડ કરી અરજી ઓનલાઇન સેન્ડ કરવાની રહેશે. (વિદ્યાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ (jpeg/.Jpg/.Pdf) Format.Maximum Size= 1000kb or 1 MB માં SCAN કરી અપલોડ કરવા.)

(૫) જે વિદ્યાર્થીઓને ગત વર્ષે શિષ્યવૃત્તિ મળેલ હતી અને તેનુ ફોર્મ ચાલુ વર્ષે ઓટોમેટીક "Renewal" મોડમાં ન જોવા મળે તો તેવા વિદ્યાર્થીઓએ "Request a New Service" બટન પર ક્લીક કરી "Select Financial Year" ડ્રોપ ડાઉન મેનુંમાં વર્ષ: ૨૦૨૫-૨૬ પસંદ કરીને લાગુ પડતી યોજનામાં ફ્રેશ ફોર્મ ભરી અરજી કરવાની રહેશે.

(૬) જે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓએ ફ્રેશ અરજી કરવાની છે તેણે ડિજિટલ ગુજરાત પોર્ટલ ઓપન કરી "Login" ઓપ્શન પર ક્લીક કરી "Citizen Login/Registration" ઓપ્શનમાં જઇ પોતાના Id-Passwordથી લોગીન કરવાનું રહેશે. લોગીન કર્યા બાદ "Services" મેનુમા જઇ "Scholarship Services" Option પર ક્લીક કરી "Request a New Service" બટન પર ક્લીક કરવાનું રહેશે. ત્યારબાદ "Select Financial Year" ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ: ૨૦૨૫-૨૬ સીલેક્ટ કરી "(Tribal Development Department)" હેડિંગના નીચે દર્શાવેલ યોજના પૈકી જે યોજનામાં પાત્રતા ધરાવતા હોય તેના પર ક્લીક કરી એપ્લાય કરવાનુ રહેશે. યોજના પંસદ કર્યા બાદ "Continue to Service" પર ક્લીક કર્યા બાદ વિદ્યાર્થીએ માગ્યા મુજબની તમામ વિગતો જેવી કે Registration Detail, Bank Detail, Academic Detail, Disability Detail વિગેરે ચીવટ પૂર્વક ભરવાની રહેશે અને Attachmentમાં લાગુ પડતા તમામ ડોક્યુમેન્ટ Upload કરવાના રહેશે. (વિદ્યાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ SCAN કરી અપલોડ કરવા)

તમામ વિગતોની ચકાસણી કરી અને ડોક્યુમેન્ટ Upload થઇ ગયા બાદ વિદ્યાર્થીએ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો અપલોડ કરવાનો રહેશે અને સંપૂર્ણ અરજીપત્રક ભરાઇ ગયા બાદ "Verify Mobile Number" પર ક્લીક કરી પોતાના મોબાઇલ પર OTP મેળવી ઓનલાઇન અરજી "Final Submit" કરવાની રહેશે જેથી વિદ્યાર્થીની અરજી સંબંધિત શાળા/કોલેજ/સંસ્થાના લોગીનમાં ઓનલાઇન સબમીટ થઇ જશે. ઓનલાઇન અરજી થઇ ગયા બાદ ફ્રેશ તથા રીન્યુઅલ વિદ્યાર્થીએ તેની પ્રિન્ટ કાઢી જરૂરી સાધનિક પુરાવા અરજી સાથે બિડાણ કરી પોતાની શાળા/ કોલેજ/ સંસ્થાને જમા કરવાના રહેશે.

નોંધ: જાતિ અને આવક અંગેનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ હોય તે જ અપલોડ કરવાનુ રહેશે.

(૭) શૈક્ષણિક વર્ષ: ૨૦૨૫-૨૬ માટે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ પાસેથી આ સાથેના "માસવાર આયોજન" પત્રક મુજબ વેબસાઇટ https://www.digitalgujarat.gov.in પર લાગુ પડતી યોજનાઓમાં બિનચૂક Online અરજીઓ કરાવવાની રહેશે.

(૮) વર્ષ: ૨૦૨૨-૨૩થી ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિનું ચુકવણું આધાર બેઝ જ કરવામાં આવે છે. એટલે કે વિદ્યાર્થીનો આધારનંબર જે બેંકખાતા સાથે લીંક હોય તે બેંક ખાતામાં શિષ્યવૃત્તિની ચુકવણી કરવામાં આવે છે. આથી આપની કક્ષાએથી તમામ વિદ્યાર્થીઓને ખાસ જણાવવામાં આવે છે કે જે વિદ્યાર્થીઓએ આધાર અને બેંક ખાતાનું લિંકીંગ/સીડીંગ/અનેબલ ફોર ડીબીટી કરાવેલ ના હોય તેઓએ તાત્કાલિક કરાવી લેવાનું રહેશે.

ડિજીટલ ગુજરાત પોર્ટલ પરથી ડાઉનલોડ કરીને હોસ્ટેલના સબંધિત સત્તાધિકારીશ્રીના સહી/સિક્કા કરાવીને સ્કેન કરીને અપલોડ કરવાનુ રહેશે. જે એપ્લાય કરતી વખતે "Instruction" પેજ પરથી ડાઉનલોડ કરી શકાશે.

(૧૦) શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે અનુસૂચિત જનજાતિના ધો:૧૧ તથા ૧૨ના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને તેમજ કોલેજ/યુનિવર્સીટી/ITI/સંસ્થા વિગેરે કક્ષાના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ/સહાય મેળવવા માટે તા:૧૫/૦૭/૨૦૨૫ થી તા:૩૧/૦૮/૨૦૨૫ સુધીમાં વેબસાઇટ https://www.digitalgujarat.gov.in પર લાગુ પડતી યોજનાઓમાં બિનચૂક Online અરજીઓ કરવાની રહેશે.

(૧૧) આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૪/૦૬/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક: TDD/PMS/e-file/25/2025/0357/G અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૫/૦૬/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક: TDD/PMS/e-file/25/2025/0356/G થી આપેલ સુચના મુજબ આપેલ હોય તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૨) જે વિદ્યાર્થીઓએ ફ્રીશીપકાર્ડ કઢાવી એડમીશન મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓએ અનુક્રમે (૧) Umbrella Post Matric Scholarship for ST Students (GOI) (Freeship Card Students Only)" તથા (૨) Post-Matric Scholarship For girls(Having annual family income more than 2.50 Lac) (Freeship Card/Medical Loan Student Only) યોજનામાં જ એપ્લાય કરવાનુ રહેશે.

ફ્રીશીપકાર્ડ ધરાવતા વિદ્યાર્થી ઓનલાઇન એપ્લાય નહિ કરે અને વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ નહિ મળે તો તેની જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે.

(૧૩) વિદ્યાર્થીએ ઓનલાઇન અરજી કરેલ હશે અને તેને ફાઇનલ સબમીટ કરવામાં નહિ આવેલ હોય કે એપ્લીકેશનની પ્રિન્ટ પોતાની સંસ્થામાં તમામ ડોક્યુમેન્ટ સહીત જમા કરાવેલ નહી હોય તો તેવા વિદ્યાર્થીની અરજી ધ્યાને લેવામાં નહિ આવે જે ધ્યાને લેવાનુ રહેશે.

(૧૪) વિદ્યાર્થીએ સત્ર પૂરૂ થવાની અંદાજિત તારીખ સંસ્થા પાસેથી મેળવી લેવાની રહેશે. જે વિદ્યાર્થીઓ રીન્યુઅલ છે તે વિદ્યાર્થીઓની સત્ર શરૂઆતની તારીખ અગાઉના વર્ષનુ સત્ર પુરૂ થયુ હતુ ત્યારના તુર્ત જ બાદના મહિનાની નાખવાની રહેશે અને ફ્રેશ વિદ્યાર્થીઓના કિસ્સામાં વિદ્યાર્થીએ જ્યારથી એડમિશન લીધેલ હોય તે જ તારીખ નાખવાની રહેશે. (અત્રે વિદ્યાર્થીઓએ વાર્ષિક તારીખ નાખવાની રહેશે. સેમેસ્ટરની કે છ મહિનાની તારીખ નાખવાની નથી.)

(૧૪) વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષવાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર માર્કશીટ અપલોડ કરવાની રહેશે તથા સંસ્થાને જમા કરવાના રહેશે. (વિદ્યાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ SCAN કરી અપલોડ કરવા)

(૧૫) ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃતિનો લાભ મેળવેલ નથી તે મતલબનુ સોગંધનામુ કરી અપલોડ કરવાનુ રહેશે અને અરજી સાથે સંસ્થાને રજુ કરવાનુ રહેશે.

(૯) હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીએ હોસ્ટેલર અંગેનું સર્ટીફીકેટ ડિજિટલ ગુજરાત પોર્ટલ પરથી ડાઉનલોડ કરીને હોસ્ટેલના સબંધિત સત્તાધિકારીશ્રીના સહી/સિક્કા કરાવીને સ્કેન કરીને અપલોડ કરવાનુ રહેશે. જે એપ્લાય કરતી વખતે "Instruction" પેજ પરથી ડાઉનલોડ કરી શકાશે.

(૧૦) શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે અનુસૂચિત જનજાતિના ધો:૧૧ તથા ૧૨ના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને તેમજ કોલેજ/યુનિવર્સીટી/ITI/સંસ્થા વિગેરે કક્ષાના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ/સહાય મેળવવા માટે તા:૧૫/૦૭/૨૦૨૫ થી તા:૩૧/૦૮/૨૦૨૫ સુધીમાં વેબસાઇટ https://www.digitalgujarat.gov.in પર લાગુ પડતી યોજનાઓમાં બિનચૂક Online અરજીઓ કરવાની રહેશે.

(૧૧) આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૪/૦૬/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક: TDD/PMS/e-file/25/2025/0357/G અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૫/૦૬/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક: TDD/PMS/e-file/25/2025/0356/G થી આપેલ સુચના મુજબ આપેલ હોય તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૨) જે વિદ્યાર્થીઓએ ફ્રીશીપકાર્ડ કઢાવી એડમીશન મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓએ અનુક્રમે (૧) Umbrella Post Matric Scholarship for ST Students (GOI) (Freeship Card Students Only)" તથા (૨) Post-Matric Scholarship For girls(Having annual family income more than 2.50 Lac) (Freeship Card/Medical Loan Student Only) યોજનામાં જ એપ્લાય કરવાનુ રહેશે.

ફ્રીશીપકાર્ડ ધરાવતા વિદ્યાર્થી ઓનલાઇન એપ્લાય નહિ કરે અને વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ નહિ મળે તો તેની જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે.

(૧૩) વિદ્યાર્થીએ ઓનલાઇન અરજી કરેલ હશે અને તેને ફાઇનલ સબમીટ કરવામાં નહિ આવેલ હોય કે એપ્લીકેશનની પ્રિન્ટ પોતાની સંસ્થામાં તમામ ડોક્યુમેન્ટ સહીત જમા કરાવેલ નહી હોય તો તેવા વિદ્યાર્થીની અરજી ધ્યાને લેવામાં નહિ આવે જે ધ્યાને લેવાનુ રહેશે.

(૧૪) વિદ્યાર્થીએ સત્ર પૂરૂ થવાની અંદાજિત તારીખ સંસ્થા પાસેથી મેળવી લેવાની રહેશે. જે વિદ્યાર્થીઓ રીન્યુઅલ છે તે વિદ્યાર્થીઓની સત્ર શરૂઆતની તારીખ અગાઉના વર્ષનુ સત્ર પુરૂ થયુ હતુ ત્યારના તુર્ત જ બાદના મહિનાની નાખવાની રહેશે અને ફ્રેશ વિદ્યાર્થીઓના કિસ્સામાં વિદ્યાર્થીએ જ્યારથી એડમિશન લીધેલ હોય તે જ તારીખ નાખવાની રહેશે. (અત્રે વિદ્યાર્થીઓએ વાર્ષિક તારીખ નાખવાની રહેશે. સેમેસ્ટરની કે છ મહિનાની તારીખ નાખવાની નથી.)

(૧૪) વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષવાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર માર્કશીટ અપલોડ કરવાની રહેશે તથા સંસ્થાને જમા કરવાના રહેશે. (વિદ્યાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ SCAN કરી અપલોડ કરવા)

(૧૫) ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃતિનો લાભ મેળવેલ નથી તે મતલબનુ સોગંધનામુ કરી અપલોડ કરવાનુ રહેશે અને અરજી સાથે સંસ્થાને રજુ કરવાનુ રહેશે.

(૧૬) વિદ્યાર્થી અરજી ઓનલાઇન ફાઇનલ સબમીટ કરશે ત્યારબાદ કોઇ સુધારા વધારા કરી શકશે નહિ. વિદ્યાર્થીઓએ જો કોઇ સુધારો/વધારો કરવાની જરૂરીયાત ઉભી થાય તો પોતાની સંસ્થાને અરજી પરત કરવાનુ કહેવાનુ રહેશે ત્યારબાદ વિદ્યાર્થી કોઇ સુધારા વધારા કરી શકશે.

(૧૭) ગ્રામ્યકક્ષાએ વિદ્યાર્થી Egram સેન્ટર પરથી પોતાનુ ફોર્મ ઓનલાઇન ભરાવી શકશે.

(૧૮) વિદ્યાર્થીએ ડીઝીટલ ગુજરાત પોર્ટલના પ્રશ્ને જરૂર જણાયે હેલ્પ ડેસ્ક નં 18002335500 પર સંપર્ક કરવાનો રહેશે.

B. <u>ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ (ધો:૧૧-૧૨) / કોલેજો / યુનિવર્સિટીઓ / આઇ.ટી.આઇ. / સંસ્થાઓએ કરવાની કાર્યવાહી:</u>

(૧) ગત વર્ષે શાળા/ કોલેજ/ યુનિવર્સિટી/ ITI/ સંસ્થાએ જે ID-Passwordની મદદથી શિષ્યવૃત્તિ/સહાય યોજનાની કામગીરી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કરેલ હતી તે જ ID-Passwordની મદદથી ચાલુ વર્ષ:૨૦૨૫-૨૬માં કામગીરી કરવાની રહેશે. જો કોઇ આચાર્યશ્રીને પોતાનો પાસવર્ડ યાદ ન હોય તો "Forget Password" Optionની મદદથી પાસવર્ડ બદલી શકાશે. (જો કોઇ શાળા / સંસ્થા/ કોલેજમાં આચાર્યશ્રી બદલાયેલ હોય કે નિવૃત થયેલ હોય તો તેવી સંસ્થાના આચાર્યશ્રીઓનું નામ/મોબાઇલ નંબર જિલ્લાની SC/ST/OBC કચેરીનો સંપર્ક કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી બદલી શકે છે)

જો કોઇ શાળા/કોલેજ/સંસ્થા ડિજિટલ ગુજરાત પોર્ટલ પર પ્રથમ વખત કામગીરી કરતા હોય તો નીચે મુજબની કામગીરી કરવાની રહેશે:-

કોલેજ/યુનિવર્સિટી કક્ષાની દરેક સસ્થાઓ માટે તેઓનો By Default Login ID સંસ્થાનો AISHE કોડ રહેશે જ્યારે By Default Password "Abcd@123" રહેશે. જે સંસ્થાઓ પાસે AISHE કોડ ન હોય તેમણે શિક્ષણ વિભાગની સંબંધિત કચેરી "KCG, Ahmedabad" પાસેથી મેળવવાનો રહેશે. ધોરણ:૧૧-૧૨માં દરેક ઉચ્ચત્તર માધ્યમિક શાળાનો DISE કોડ તેનો Login ID રહેશે જ્યારે By Default Password: "Abcd@123" રહેશે. પ્રથમ વખત લોગીન થયા બાદ સંસ્થાએ Default પાસવર્ડ Change કરવાનો રહેશે. જો કોઇ કોલેજ/યુનિવર્સિટી/શાળાને Default Password થી લોગીન ના થઇ શકતુ હોય તો "Forget Password" ઓપ્શનથી પાસવર્ડChange કરી પછી લોગીન કરવાનું રહેશે.

જે કોલેજ/ યુનિવર્સિટી/સંસ્થા પ્રથમ વખત લોગીન કરતી હોય તેવી તમામ કોલેજ/યુનિવર્સિટી/સંસ્થાએ પોતાના લોગીન માંથી Admin મેનુંમાં જઇ "Institute Profile" ફરજીયાત અપડેટ કરવાની રહેશે અને કોલેજ/ યુનિવર્સિટી/સંસ્થામાં જે કોર્ષ ચાલતા હોય તેની વિગતો પોતાના લોગીન માંથી Admin મેનુંમાં જઇ "Institute & Branch Mapping" પર ક્લીક કરી Add કરવાના રહેશે ત્યારબાદ આવા કોર્ષ Backend માથી Add કરવામાં આવશે. કોલેજ/યુનિવર્સીટી/સંસ્થા દ્વારા પોતાની પ્રોફાઇલ અપડેટ કરવામાં આવશે તેમજ કોર્ષની વિગતો એડ કરવામાં આવશે ત્યાર બાદ જ વિદ્યાર્થીઓને Online અરજી કરતી વખતે પોર્ટલ પર જે તે કોલેજ/યુનિવર્સિટી/સંસ્થાનું નામ જોવા મળશે અને અરજીપત્રકો Online ભરી શકાશે જેની નોંધ લેવી. વર્ષ:૨૦૨૧-૨૨થી સંસ્થા/કોલેજ એ પોતાની

પ્રોફાઇલ પણ અપડેટ કરવી ફરજીયાત છે. (શાળાઓએ પોતાની પ્રોફાઇલ અપડેટ કરવાની કાર્યવાહી કરવાની રહેતી નથી)

વધુમાં સરકારી/ગ્રાન્ટ-ઇન-એઇડ ITI એ પોતાનો ID Password પોતાની રીઝીઓનલ ઓફીસ (RDD) પાસેથી મેળવી લેવાનો રહેશે જ્યારે પ્રાઇવેટ ITIની કામગીરી જે તે નોડલ ITI મારફત કરવાની રહેશે.

(૨) કોલેજ / યુનિવર્સિટીકક્ષાની તમામ સંસ્થાઓએ લોગીન કર્યા બાદ પોતાની ઓનલાઇન પ્રોફાઇલમાં બેંકની વિગતો જેવી કે બેંકનો IFS Code, બેંક એકાઉન્ટ નંબર, બ્રાન્ચનુ નામ, બેંક હોલ્ડરનુ નામ વિગેરે ચોકસાઇથી નાખવાના રહેશે. કેમ કે "ફ્રીશીપકાર્ડ" ધરાવતા વિદ્યાર્થીઓએ શિષ્યવૃતિની રકમ મળ્યા બાદ ૧૦ (દસ) કામકાજના દિવસોમાં સબંધિત કોલેજમાં ચુકવવાની થતી ફી ની રકમ જમા કરાવવાની રહેશે.

(3) તમામ કામગીરીને સફળ બનાવવા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓએ જે તે કેટેગરી-જાતિના વિદ્યાર્થીઓ સરકારશ્રીની યોજનામાં મહત્તમ લાભ લઇ શકે તે માટે સંસ્થાના નોટીસ બોર્ડ પર અત્રેના ખાતાની તમામ યોજનાની વિગતો મુકી આ બાબતની પ્રસિધ્ધિ કરવાની રહેશે અને યોજનાની વિગતો વિદ્યાર્થીઓના ધ્યાન પર લાવવાની રહેશે. (આ સાથેનુ પત્રક-અ નોટીસ બોર્ડ પર ફરજીયાત મુકવાનુ રહેશે)

વધુમાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓમાં ઇન્ટરનેટની સુવિધા કરાવી ITના જાણકાર કર્મચારીની મદદથી વિદ્યાર્થીઓને Online અરજી કરાવવાની કામગીરી સંસ્થા લેવલે કરાવી આ સાથેના "માસવાર આયોજન" પત્રક મુજબ કામગીરી પૂર્ણ કરાવવાની રહેશે. Online અરજી પ્રકિયા પૂર્ણ થયે તેની પ્રિન્ટ તથા સાધનિક કાગળો સાથેની અરજી જે તે શાળા/કોલેજ/ યુનિવર્સિટીના શિષ્યવૃત્તિની કામગીરી સંભાળતી શાખાએ એકત્રિત કરી રાખવાની રહેશે. તેના આધારે Online વેરીફીકેશનની કામગીરી સમય મર્યાદામાં કરવાની રહેશે.

(૪) વિદ્યાર્થીઓની અરજી કરવાની કામગીરી બાદ તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓએ પોતાના User ID/Passwordના આધારે ઉક્ત તમામ વિદ્યાર્થીઓની ઓનલાઇન અરજીના Verificationની કામગીરી કરી Higher Authority એટલે કે સંબંધિત જિલ્લા કચેરીને Online Forward કરવાની રહેશે અને વિદ્યાર્થી દ્વારા મળેલ તમામ અરજીઓ (હાર્ડકોપી) પર સહી સિક્કા કરી સાધનિક કાગળો સહિતની દરખાસ્ત આ સાથેના "માસવાર આયોજન" પત્રક મુજબ સબંધિત જિલ્લા કચેરીમાં ફોરવર્ડીંગ સાથે રજુ કરવાની રહેશે.

જો કોઇ શાળા/કોલેજ/સંસ્થાની કામગીરી નિર્ધારીત તારીખો પહેલા પુરી થઇ જાય તો આખર તારીખની રાહ ન જોતા તુર્ત જ દરખાસ્ત સંબધિત કચેરીને જમા કરાવવાની રહેશે.

અન્ય સૂચનાઓ:-

(૧) Aadhaar Based Biometric eKYC કરવા બાબતે અગત્યની સૂચનાઓ:

સંયુક્ત સચિવશ્રી, ભારત સરકાર મંત્રીમંડળ સચિવાલય, નવી દિલ્હીના તા.૧૬/૧૦/૨૦૨૩ ના નિમપત્ર નં.11011/133/2015-DBT થી ભારત સરકારની યોજનાઓ હેઠળ બાયોમેટ્રીક આધાર ઓથેન્ટીકેશન લાગુ કરવા જણાવેલ હોઇ ભારત સરકાર પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજના અંતર્ગત તે મુજબ નિયમોનુસાર ઘટિત કાર્યવાહી કરવાની રહેશે.

(૨) ભારત સરકારની તા.૦૧/૦૪/૨૦૨૨ થી અમલિત નવી ગાઇડલાઇન મુજબ પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃતિ યોજનામાં તમામ ખાનગી યુનિવર્સિટીએ નેક એક્રિડેશન "એ" ગ્રેડ તથા AICTE માન્ય અભ્યાસક્રમોમાં NBA એક્રિડેશન મેળવેલ હોવું આવશ્યક હોઇ તે મેળવી લેવાનું રહેશે.

(૩) ખાનગી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓ જે અરજીઓ ઓનલાઇન મંજુર કરે તેની નકલ તથા સાધનિક પુરાવા સહિતની દરખાસ્ત અત્રેની કચેરીએ ચકાસણી અર્થે રજુ કરવાના રહેશે. યોજનાવાર દરખાસ્તોની ફાઇલો અલગ અલગ રજુ કરવા વિનંતી છે જેવી કે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની ફાઇલ અલગ, ભોજન બીલની ફાઇલ અલગ વિગેરે.

(૪) શિષ્યવૃતિ દરખાસ્તની ફાઇલ ચકાસણી અર્થે રજુ કરવામાં આવે ત્યારે તેની ઉપર શાળા/કોલેજના ફોન નંબર તથા શિષ્યવૃતિ યોજનાનુ કામ સંભાળતા કર્મચારીશ્રીનો કોન્ટેક્ટ નંબર દર્શાવવાનો રહેશે.

(૫) જરૂર જણાય સંસ્થાએ અનુસૂચિત જનજાતિના તમામ વિદ્યાર્થીઓને શાળા/કોલેજમાં એકસાથે બેઠક સુવિધા યોજી ફોર્મ કેવી રીતે ભરવા તે સંબધિત તમામ માર્ગદર્શન આપવુ.

(૬) શાળા/કોલેજને સરકારશ્રી દ્વારા મળેલ માન્યતાપત્ર (એફીલીએશન) ની નકલ, કેટલા વિદ્યાર્થી માટેની માન્યતા મળેલ છે તેના આધાર તેમજ ફી રેગ્યુલેટરી કમિટીએ સંસ્થાનુ જે ફી નુ માળખુ મંજુર કરેલ હોય તેના આધાર તેમજ શાળા/સંસ્થાનુ ગત વર્ષનું પરિણામ વિગેરે પુરાવા દરખાસ્ત સાથે પ્રથમ પાને રાખવાના રહેશે અને દરખાસ્ત ચકાસણી અર્થે જિલ્લા કચેરીમાં આવો ત્યારે રજુ કરવાના રહેશે.

જો શાળા/સંસ્થા પાસે ફી રેગ્યુલેટરી કમિટીએ મંજુર કરેલ ફી અંગેનુ માળખું નહિ હોય તો તેવા સંજોગોમાં સરકારશ્રીના નિયમો મુજબ વિદ્યાર્થીઓને શિક્ષણફી ચુકવી શકાશે નહિ જેની નોંધ લેવા વિનંતી છે.

વધુમાં જો કોઇ સંસ્થા દ્વારા ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા નક્કી થયેલ ફી કરતા ઓછી ફી વિદ્યાર્થી પાસેથી લેવામાં આવતી હોય તો ઓનલાઇન ફોર્મમાં વિદ્યાર્થી પાસેથી ખરેખર જે ફી લેવામાં આવે છે તે જ ફી ભરવાની રહેશે અને જે ફી ભરવામાં આવે તે વાર્ષિક ભરવાની રહેશે. (ફી છ માસની કે સેમેસ્ટરની ભરવાની રહેશે નહિ)

(૭) વિદ્યાર્થી જાતિ/આવકના દાખલા સક્ષમ અધિકારીશ્રીના રજુ કરે તે ધ્યાન રાખવાનુ રહેશે. (આવકના દાખલાઓ મામલતદારશ્રી / તાલુકા વિકાસ અધિકારીશ્રી/તલાટી કમ મંત્રીશ્રીના બીડવા)

(૮) કોલેજ માન્ય તથા કોલેજ સંલગ્ન છાત્રાલયમાં રહી અભ્યાસ કરતાં અનુ.જનજાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની નિભાવભથ્થુ (સ્ટાઇપેન્ડ) હોસ્ટેલર દર મુજબ મળવા પાત્ર રહેશે.

(૯) કોલેજ માન્ય તથા કોલેજ સંલગ્ન છાત્રાલયમાં તથા સરકારી છાત્રાલયમાં રહી અભ્યાસ કરતાં અનુ.જનજાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની ઓનલાઇન અરજી સાથે છાત્રાલયના સક્ષમ સત્તાધિકારીશ્રીના સહિ/ સિક્કા વાળુ પ્રમાણપત્ર અપલોડ કરવાનુ રહેશે. (જે પોર્ટલ પરથી ડાઉનલોડ કરી શકાશે)

(૧૦) અમુક વિદ્યાર્થીઓ પોતાનુ આવકનુ પ્રમાણપત્ર રજુ કરતા હોય છે તેવુ ધ્યાને આવેલ છે. જો વિદ્યાર્થીના પિતા/વાલી હયાત હોય તો પિતા/વાલીની કુટુંબની આવકને ધ્યાને લઇને જ શિષ્યવૃત્તિનુ ચુકવણું કરવામાં આવશે જેની નોંધ લેવી. તેમજ જો વિદ્યાર્થી અનાથ હોય અને વાલી દ્વારા ભણાવવામાં આવતો હોય તો તેની આવકમર્યાદા ધ્યાને લેવામાં આવશે નહી.

(૧૧) જે વિદ્યાર્થીના પિતા/વાલી સરકારી નોકરી કરતા હોય તેવા વિદ્યાર્થીના વાલીના આવકના દાખલાની સાથે આવક અંગેનુ ઇન્કમટેક્ષ માટેનુ ફોર્મ ૧૬ અપલોડ કરવાનુ રહેશે તથા દરખાસ્ત સાથે રજુ કરવાનું રહેશે.

(૧૨) તમામ સંસ્થાઓએ વેબસાઇટ ઉપર, અખબારી યાદીમાં, ઇમેઇલથી કે SMSથી કે અન્ય સોસીયલ મીડિયાના માધ્યમથી વિદ્યાર્થીઓને સૂચના આપી સત્વરે કાર્યવાહી કરવાની રહેશે.

(૧૩) સંસ્થાએ દરેક વિધાર્થીને સત્ર પૂરૂ થવાની અંદાજિત તારીખ આપવાની રહેશે.

(૧૪) જો કોઇ વિદ્યાર્થીને બેંક એકાઉન્ટ ખોલાવવામાં મુશ્કેલી પડે તો તે અંતર્ગત સંસ્થાએ જરૂરી મદદ કરી વિધાર્થીઓના ખાતા ખોલાવી આધારનંબર સાથે લીંક/સીડ કરાવવા અંગે જરૂરી માર્ગદર્શન આપવાનું રહેશે.

(૧૫) શાળા/ કોલેજો/ યુનિવર્સિટી/ સંસ્થાઓએ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિના ફોર્મ ઓનલાઇન ભરાવવામાં શાળા/ કોલેજો/ યુનિવર્સિટી/ સંસ્થા કક્ષાએ જરૂરી તમામ મદદ કરવાની રહેશે.

(૧૬) રાજ્ય સરકારશ્રીની યોજના અંતર્ગત જો કોઇ વિદ્યાર્થીની શિષ્યવૃતિની રકમ કોઇ કારણોસર પરત કરવાની થાય તો નીચેના બજેટ હેડે ચલણથી જમા કરાવવાની રહેશે.

૦૨૫૦- અન્ય સામાજિક સેવાઓ

૦૨- અનુ. જનજાતિ કલ્યાણ.

૮૦૦ અન્ય પ્રાપ્તિ, VKY- (જે યોજના હેઠળ શિષ્યવૃતિ મેળવેલ હોય તેનુ નામ લખવુ)

(૧૭) શાળા/સંસ્થા દ્વારા જો કોઇ ડમી/ભુતિયા વિદ્યાર્થીઓની ખોટી દરખાસ્ત રજુ કરવામાં આવશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે શાળા/સંસ્થાની નક્કી કરી સંબધિતો દ્વારા શાળા/સંસ્થા સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. તેમજ ખોટી રીતે મેળવેલ શિષ્યવૃત્તિ સંસ્થાએ વિદ્યાર્થી પાસેથી રીકવરી કરી પરત મેળવવાની રહેશે.

(૧૮) જો કોઇ વિદ્યાર્થીઓને કોઇ કારણસર બ્લેકલીસ્ટ કરવામાં આવેલ હોય તો તેવા વિદ્યાર્થીઓની અરજી આચાર્યશ્રીઓએ જિલ્લા કચેરીઓને મોકલવાની રહેશે નહિ.

(૧૯) જો કોઇ વિદ્યાર્થીએ અભ્યાસક્મના એક સંબધિત વર્ષમાં શિષ્યવૃત્તિ મેળવી લીધેલ હોય અને વિદ્યાર્થી તે વર્ષમાં નાપાસ થાય તો તે વિદ્યાર્થીને તે જ સંબધિત વર્ષ માટે ફરી શિષ્યવૃત્તિ મળવાપાત્ર નથી જેથી આચાર્યશ્રીઓએ આ બાબતે ખાસ તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

(૨૦) ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની ગાઇડલાઇન મુજબ વિદ્યાર્થીની હાજરીમાં નિયમિતતા હોવી જોઇએ જેથી વિદ્યાર્થીની અભ્યાસક્મ દરમ્યાન હાજરી ૭૫% રહે તે તકેદારી શાળા/કોલેજ/સંસ્થાના આચાર્યશ્રી/વડાએ ખાસ રાખવાની રહેશે. જે કોઇ વિદ્યાર્થીઓ શાળા/કોલેજ/યુનિવર્સિટી છોડી જાય તેવા સંજોગોમાં તે અંગેની જાણ શિષ્યવૃત્તિ મંજૂર કરનાર અધિકારીશ્રીને કરવાની થાય છે આમ છતાં જો આવી કોઇ જાણ શિષ્યવૃત્તિ મંજૂર કરનાર સંબંધિત જિલ્લા અધિકારીશ્રીને કરવામાં નહી આવે અને ભૂતિયા કે ડમી વિદ્યાર્થીઓ તરીકે શિષ્યવૃત્તિ મેળવેલ છે તેવું તપાસમાં બહાર આવશે તો જવાબદારી સામે કાયદેસરની કાર્યવાહી કરી સંસ્થાની માન્યતા રદ કરવા સુધીની કાર્યવાહી કરવા સરકારશ્રીને જણાવવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

(૨૧) તે જ રીતે જે વિદ્યાર્થીઓ કોલેજ સંલગ્ન છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા હોય તેઓને ફુડબીલ સહાય મંજૂર કરવામાં આવે છે પરંતુ જો તપાસ દરમ્યાન વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં રહેતા ન હોય છતાં ફુડબીલ

સહાય મંજૂર કરાવવાની કાર્યવાહી કરવામાં આવશે અને તે બાબત ના આધાર-પુરાવા ધ્યાન પર આવશે તો પણ સંસ્થાએ કરેલ ગેરરીતિ અંગે સરકારશ્રીનું ધ્યાન દોરવામાં આવશે તથા જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તથા જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે જેની ખાસ નોંધ લેશો. તેમજ સંસ્થા દ્વારા માસિક અથવા વાર્ષિક કુડબીલ ની પહોચ રેકર્ડ ઉપર રાખવાની રહેશે.

(૨૨) દરેક સંસ્થાના આચાર્યશ્રીએ તેની સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી સંસ્થામાં પ્રવેશ રદ કરાવે તો તે સાથે તેનું સ્કોલરશીપનું ઓનલાઇન ભરેલ ફોર્મ પણ ક્લોઝ કરવાનું રહેશે.

(૨૩) દરેક સંસ્થાએ તેની પ્રોફાઇલ અપડેટ કરવાની રહેશે. સંસ્થામાં ચાલતા અભ્યાસક્રમ અને તે મુજબની ફી અપડેટ કરવાની રહેશે.

(૨૪) <u>OTR Service :</u>

ભારત સરકારશ્રીના આદિજાતિ બાબતોના મંત્રાલયની તા.૨૪/૦૨/૨૦૨૫ ની કાર્યવાહી નોંધ મુજબ વર્ષ ૨૦૨૫-૨૬ થી OTR Service મુજબ કામગીરી કરવા રહેશે.

(૨૫) વર્ષ ૨૦૨૫-૨૬ થી તમામ શાળા અને કોલેજોએ "Head of institute" (HOI) e-kyc કરવાનું રહેશે.

ઉપરોક્ત તમામ બાબતો ધ્યાને લઇ અનુ.જનજાતિના તમામ વિદ્યાર્થીના ફોર્મ ઓનલાઇન ભરાવી એકત્ર કરી દરખાસ્ત એકી સાથે જિલ્લા કચેરીમાં ચકાસણી અર્થે રજુ કરાવવાની રહેશે. પુરવણી દરખાસ્તો ઉપર ધ્યાન આપવામાં આવશે નહિ. સમય મર્યાદામાં ન આવેલ તથા અધુરી વિગતોવાળી કે પુરવણી દરખાસ્તો અંગે સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

ઉક્ત તમામ વિગતો માર્ગદર્શન પુરતી છે આખરી અર્થઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે તેમજ આચાર્યશ્રીઓને ખાસ વિનંતી કે શિષ્યવૃતિની કામગીરી માટે તેઓના કલાર્કશ્રી ફાઇલ લઇને જિલ્લા કચેરીએ આવે ત્યારે કલાર્કશ્રી જ્યા સુધી શિષ્યવૃતિની કામગીરી પુરી ન થાય ત્યા સુધી જિલ્લા કચેરીને પોતાનો સમય ફાળવે તેવી વ્યવસ્થા કરવામાં આવે.

RBBaraf

મદદનીશ કમિશ્નર

આદિજાતિ વિકાસ

સુરત

બિડાણ: ઉપર મુજબ

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગુ.રા., ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ

(૩) માન.પ્રાયોજના વહીવાટદારશ્રી,(TASP) તા. માંડવી, જિ.સુરત તરફ જાણ થવા વિનંતી સહ

(૩) જિલ્લા નાયબ નિયામક (તાલીમ),સુરત-ગ્રાઉન્ડ ફલોર, બી-બ્લોક, બહુમાળી મકાન,નાનપુરા,સુરત તરફ જાણ તથા સંલગ્ન તમામ કોલેજોને જરૂરી સુચના આપવા સારૂ...

(૪) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિ.સુરત તરફ જાણ તથા તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉક્ત બાબતે જરૂરી સૂચના આપવા સારૂ...

(૫) કુલ સચિવશ્રી, VNSGU યુનિવર્સિટી, તરફ જાણ તથા સંલગ્ન તમામ કોલેજો-વિભાગોને જરૂરી સુચના આપવા સારૂ...

(૬) કુલ સચિવશ્રી, UKA Tarsadiya યુનિવર્સિટી, બારડોલી-મહુવા રોડ, ગોપાલ વિધ્યાનગર, બારડોલી તરફ જાણ તથા સંલગ્ન તમામ કોલેજો-વિભાગોને જરૂરી સુચના આપવા સારૂ...

(૭) કુલ સચિવશ્રી, ભગવાન મહાવીર યુનિવર્સિટી, સુરત તરફ જાણ તથા સંલગ્ન તમામ કોલેજો-વિભાગોને જરૂરી સુચના આપવા સારૂ...

(૮) કુલ સચિવશ્રી, GTU યુનિવર્સિટી,ચાંદખેડા અમદાવાદ તરફ જાણ તથા સંલગ્ન તમામ કોલેજો-વિભાગોને જરૂરી સુચના આપવા સારૂ...

(૯) કુલ સચિવશ્રી, વિદ્યાદીપ યુનિવર્સિટી,કીમ સુરત તરફ જાણ તથા સંલગ્ન તમામ કોલેજો-વિભાગોને જરૂરી સુચના આપવા સારૂ...

(૧૦) કુલ સચિવશ્રી, પી.પી.સવાણી યુનિવર્સિટી, સુરત તરફ જાણ તથા સંલગ્ન તમામ કોલેજો-વિભાગોને જરૂરી સુચના આપવા સારૂ...

(૧૧) કુલ સચિવશ્રી, સાર્વજનિક યુનિવર્સિટી, સુરત તરફ જાણ તથા સંલગ્ન તમામ કોલેજો-વિભાગોને જરૂરી સુચના આપવા સારૂ...

(૧૨) કુલ સચિવશ્રી, વનિતાવિશ્રામ યુનિવર્સિટી, સુરત તરફ જાણ તથા સંલગ્ન તમામ કોલેજો-વિભાગોને જરૂરી સુચના આપવા સારૂ...

આદિજાતિ વિકાસ વિભાગ , ગુજરાત રાજ્ય ગાંધીનગર (પત્રક-અ)

માત્ર અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓએ Digital Gujarat Portal મારફત Online અરજી કરવાની થતી યોજનાઓની વિગત

અ.	યોજનાનું નામ	આવક મર્યાદા	કુમાર કે કન્યા	સહાયની વિગત	રીમાર્કસ
1	Umbrella Scheme for Education of ST Students Post-Matric Scholarships (VKY-8)	રૂ. ૨.૫૦ લાખ (અનાથ બાળકોનાં કિસ્સામાં આવકમર્યાદા લાગુ પડશે નહી)	કુમાર અને કન્યા	સ્ટાઇપેન્ડ તથા માન્ય શિક્ષણફી મળવા પાત્ર (સરકારશ્રીના નિયમ મુજબ)	- ધો૧૧-૧૨, કોલેજકક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર - ફ્રીશીપકાર્ડ વગરના વિદ્યાર્થીઓએ જ એપ્લાય કરવુ.
1A	Umbrella Scheme for Education of ST Students Post-Matric Scholarships (Freeship Card Students Only) (VKY- 8)	રૂ. ૨.૫૦ લાખ (અનાથ બાળકોનાં કિસ્સામાં આવકમર્યાદા લાગુ પડશે નહી)	કુમાર અને કન્યા	સ્ટાઇપેન્ડ તથા માન્ય શિક્ષણફી મળવા પાત્ર (સરકારશ્રીના નિયમ મુજબ)	- કોલેજકક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર - માત્ર ફ્રીશીપ કાર્ડ ધરાવતા વિદ્યાર્થીઓએ જ એપ્લાય કરવુ - ફ્રીશીપ-કાર્ડ ધરાવતા વિદ્યાર્થી ઓનલાઇન એપ્લાય નહિ કરે તો વિદ્યાર્થી તથા સંસ્થાને શિષ્યવૃતિ/શિક્ષણફી મળી શકશે નહિ જેની નોંધ લેવી. - સદરહું યોજનામાં માત્ર શિક્ષણફી કોલેજના ખાતામાં સીધી જમા કરવામાં આવશે જ્યારે અન્ય સહાય વિદ્યાર્થીના ખાતામાં જમા કરવામાં આવશે.
2	Post-Matric Scholarship For girls(Having annual family income more than 2.50 Lac) (VKY-6)	આવકમર્યાદા ધ્યાને લીધા સિવાય	માત્ર કન્યા	સ્ટાઇપેન્ડ તથા માન્ય શિક્ષણફી મળવા પાત્ર (સરકારશ્રીના નિયમ મુજબ)	- ધો૧૧-૧૨, કોલેજકક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર - ફ્રી શીપ કાર્ડ વગરના વિદ્યાર્થીઓએ જ એપ્લાય કરવુ.
2A	Post-Matric Scholarship For girls(Having annual family income more than 2.50 Lac) (Freeship Card/Medical Loan Student Only) (VKY-6)	આવકમર્યાદા ધ્યાને લીધા સિવાય	માત્ર કન્યા	સ્ટાઇપેન્ડ તથા માન્ય શિક્ષણફી મળવા પાત્ર (સરકારશ્રીના નિયમ મુજબ)	- કોલેજ કક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર - માત્ર ફ્રી શીપકાર્ડ ધરાવતા વિદ્યાર્થીનીઓએ જ એપ્લાય કરવુ - ફ્રી શીપ-કાર્ડ ધરાવતી વિદ્યાર્થીની ઓનલાઇન એપ્લાય નહિ કરે તો વિદ્યાર્થીની તથા સંસ્થાને શિષ્યવૃતિ/શિક્ષણફી મળી શકશે નહિ જેની નોંધ લેવી. - સદરહું યોજનામાં માત્ર શિક્ષણફી કોલેજના ખાતામાં સીધી જમા કરવામાં આવશે જ્યારે અન્ય સહાય વિદ્યાર્થીનીના ખાતામાં જમા કરવામાં આવશે.
3	Food Bill Assistance to ST Students (VKY-7)	રૂ. ૬.૦૦ લાખ	કુમાર અને કન્યા	૧૫૦૦/- માસિક સહાય	- સંસ્થા(કોલેજ) સંલગ્ન છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જ ભોજનબીલ મળવા પાત્ર છે. (મહત્તમ ૧૦ માસ માટે જ)
4	Financial Assistance to Purchase of Instruments and other Stationary for Medical and Engineering Students (VKY-7)	રૂ. ૬.૦૦ લાખ	કુમાર અને કન્યા	૧૫૦૦૦/- Medical ૧૦૦૦૦/- Engineering ૫૦૦૦/- Diploma	- Medical, Engineering, Diplomaના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને જ મળવાપાત્ર છે.

5	Swami Vivekanand Scholarship for ST Students studying in ITI (VKY-1)	રૂ. ૬.00 લાખ	કુમાર અને કન્યા	૧)આઇ.ટી.આઇ.રૂ.૪00/- માસિક (૨) ધંધાકીય એક વર્ષના કોર્ષ માટે રૂ. ૪00/- માસિક	- ITIમાં અભ્યાસ કરતા અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને મળવાપાત્ર

નોંધ: વિદ્યાર્થીએ ક્રમ નં:૧ તથા ક્રમ નં: ૨ પૈકીની કોઇપણ ૧ જ યોજનામાં ઓનલાઇન ફોર્મ ભરવાનુ છે, ઉક્ત તમામ વિગતો માર્ગદર્શન પુરતી છે આખરી અર્થઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે. (ઉક્ત તમામ યોજનાઓ માત્ર અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે જ છે.)